# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. સરકાર લોકસભામાં વિ    રોધપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરશે.
2. રાજ્યસભામાં આજે જાહેર ખાતા અને જાહેર ઉપક્રમ સમિતિમાં સાત સભ્યોની ચૂંટણી માટેનો પ્રસ્તાવ ધ્વનિમત દ્વારા સ્વીકારાયો
3. SBIના અહેવાલ મુજબ  નવા વેપાર કરાર પછી ભારતનો અમેરિકા સાથેનો વેપાર સરપ્લસ વાર્ષિક 90 અબજ ડોલરને પાર કરી શકે છે.
4. બાંગ્લાદેશમાં કડક સુરક્ષા વચ્ચે રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે.
5. ICC T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારત અને નામિબિયા વચ્ચે મુકાબલો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## RIJIJU –RAHUL GANDHI

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે , સરકાર લોકસભામાં અંદાજપત્ર ચર્ચા દરમિયાન પાયાવિહોણા નિવેદનો આપવા અને ગૃહને ગેરમાર્ગે દોરવા બદલ વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરશે.

ગઈકાલે મીડિયા સાથે વાત કરતા શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે , રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ પાયાવિહોણા અને ખોટા આરોપો લગાવ્યા હતા. તેમણે નોટિસ વિના આવા ગંભીર આરોપો લગાવવાના આધાર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે લોકસભા અને રાજ્યસભામાં આરોપોને સાબિત કરવા માટે કાર્યવાહી અને આચારસંહિતા સ્પષ્ટ નિયમો છે. સરકાર આ સંદર્ભમાં અધ્યક્ષને જરૂરી નોટિસ મોકલશે.

**(BYTE – KIRAN RIJIJU)**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJYA SABHA

રાજ્યસભામાં આજે શૂન્યકાળ દરમિયાન સંસદ સભ્ય ડૉ. એલ. મુરુગને જાહેર ખાતા અને જાહેર ઉપક્રમ સમિતિમાં સાત સભ્યોની ચૂંટણી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. આ પ્રસ્તાવને ગૃહમાં ધ્વનિમત દ્વારા સ્વીકારવામાં આવ્યો. ગૃહમાં એસસી-એસટી કલ્યાણ સમિતિમાં 10 સભ્યોની ચૂંટણી માટેનો પ્રસ્તાવ પણ અપનાવવામાં આવ્યો.

શૂન્યકાળ દરમિયાન રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણનની પરવાનગીથી વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ તાત્કાલિક મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# RS - LOP

રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઓડિશાના આંગણવાડી કેન્દ્રમાં કથિત જાતિ આધારિત ભેદભાવ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે આ ઘટના દેશમાં પ્રગતિ અને સુધારાના દાવાઓ છતાં સતત સામાજિક ભેદભાવને પ્રતિબિંબિત કરે છે.

ગૃહમાં શૂન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવતા, શ્રી ખડગેએ કહ્યું કે એકવીસમી સદીમાં , જ્યારે ભારત સામાજિક વિકાસ , સુધારા અને એકતાની વાત કરે છે ત્યારે ઓડિશામાં એક ચોક્કસ સમુદાયના સભ્યોએ તેમના બાળકોને દલિત મહિલા દ્વારા તૈયાર કરાયેલ ખોરાક ખાવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે.

આ ઘટનાને ખૂબ જ ચિંતાજનક ગણાવતા , વિપક્ષી નેતાએ કહ્યું કે જો જાતિ આધારિત પૂર્વગ્રહ અને ભેદભાવને આ સ્તરે ચાલુ રાખવા દેવામાં આવે, તો તેની બાળકોના વિકાસ અને સુખાકારી પર કાયમી સામાજિક અસર પડશે. શ્રી ખડગેએ સંસ્થાઓમાં સમાનતા અને ગૌરવના બંધારણીય મૂલ્યોને જાળવી રાખવા માટે તાત્કાલિક પગલાં લેવાની પણ હાકલ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - POWER

ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે કહ્યું છે કે ભારત વીજળીની ખાધ ધરાવતા રાષ્ટ્રમાંથી વીજ ઉત્પાદક  દેશ બની ગયો છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી નાઈકે કહ્યું કે ભારત હાલમાં પડોશી રાષ્ટ્રોને વીજળી પૂરી પાડી રહ્યું છે. તેમણે કહ્યું કે , દેશના અર્થતંત્રને મજબૂત બનાવવામાં વીજળી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મંત્રીએ કહ્યું કે, નાણાકીય શિસ્ત દ્વારા વીજળી વિતરણ ક્ષેત્રને મજબૂત બનાવવાના હેતુથી વીજળી સુધારો બિલ ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# PM SEVA TEERTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રીય રાજધાનીમાં સેવા તીર્થ ભવન પરિસરના નામકરણનું અનાવરણ કરશે. પ્રધાનમંત્રી સેવા તીર્થ અને કર્તવ્ય ભવન-૧ અને ૨ નું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. તેઓ સાંજે સેવા તીર્થ ખાતે જાહેર સભામાં સંબોધન કરશે. આ ઉદ્ઘાટન દેશની વહીવટી વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# SBI- TRADE DEAL

નવા વેપાર કરાર પછી ભારતનો અમેરિકા સાથેનો વેપાર સરપ્લસ વાર્ષિક 90 અબજ ડોલરને પાર કરી શકે છે. આનાથી દર વર્ષે ઓછામાં ઓછા 45 અબજ ડોલરનો વધારાનો સરપ્લસ પણ થઈ શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ( SBI) દ્વારા આજે બહાર પાડવામાં આવેલા એક સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે આ વધારો ભારતના GDPના 1.1 ટકા જેટલો છે. તેના પરિણામે વિદેશી હૂંડિયામણ અનામતમાં 3 અબજ ડોલરની બચત પણ થઈ શકે છે.

SBIના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષે જણાવ્યું છે કે , પ્રારંભિક અંદાજ મુજબ , ભારતીય નિકાસકારો અમેરિકામાં ટોચની 15 વસ્તુઓની નિકાસ એક વર્ષમાં 97 અબજ ડોલર વધારી શકે છે. અન્ય વસ્તુઓ સહિત, સંભવિત વધારો સરળતાથી 100 અબજ ડોલરને પાર કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ગયા વર્ષે અમેરિકા સાથે ભારતનો વેપાર સરપ્લસ 40.9 અબજ ડોલર હતો. તે હવે વાર્ષિક 90 અબજ ડોલરથી વધુ થઈ શકે છે.

અહેવાલમાં યુરોપિયન યુનિયન સાથેના તાજેતરના વેપાર સોદા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ કરારથી કાપડ આયાત પર શૂન્ય ડ્યુટી સાથે ભારત માટે 260 અબજ ડોલરનું કાપડ બજાર ખુલ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# REV. PREZ VP PM DAYANAND SARASWATI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી દયાનંદ સરસ્વતીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે , સ્વામી દયાનંદ સરસ્વતીએ સમગ્ર સમાજ તેમજ દેશની શિક્ષણ પ્રણાલીને અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે કહ્યું કે દેશ હંમેશા તેમના દ્વારા સ્થાપિત આધ્યાત્મિક અને શૈક્ષણિક સંસ્થાઓથી લાભ મેળવતો રહ્યો છે અને રહેશે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ તેમનું આખું જીવન અંધશ્રદ્ધા અને સામાજિક દુષણો સામેના સંઘર્ષમાં સમર્પિત કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , સ્વામી દયાનંદ સરસ્વતીએ માત્ર શિક્ષણને પ્રોત્સાહન આપવામાં જ નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને સમૃદ્ધ બનાવવામાં પણ અપ્રતિમ યોગદાન આપ્યું હતું. શ્રી મોદીએ ઉમેર્યું કે, સામાજિક સુધારણા માટેના તેમના પ્રયાસો દેશના લોકો માટે પ્રેરણાસ્ત્રોત તરીકે સેવા આપતા રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MEGHALAY HOME STAY

મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે.સંગમાએ આગામી વર્ષે યોજાનારી રાષ્ટ્રીય રમતોની તૈયારી માટે સ્થાપિત હોમસ્ટે માટે70 ટકા સબસિડી સહાય પૂરી પાડતી યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજના હેઠળ , લાભાર્થીઓને રમતગમત છાત્રાલય તરીકે ડિઝાઇન કરાયેલા હોમસ્ટે માટે 70ટકા સબસિડી મળશે , રમતો પછી તેની માલિકી અને સંચાલન લાભાર્થીઓ કરી શકશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ યોજના ફક્તરહેઠાણના પડકારોને જ નહીં પરંતુ સ્થાનિક લોકો માટે ઉદ્યોગસાહસિકતા અને આજીવિકાનીતકો પણ ઉભી કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# JHARKHAND- LATEHAR NAXAL

ઝારખંડના લાતેહાર જિલ્લામાં , પોલીસે પાકરુઆ જંગલ વિસ્તારમાંથી ત્રણ માઓવાદીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી બે પિસ્તોલ, 35 રાઉન્ડ દારૂગોળો અને ઉગ્રવાદી પત્રિકાઓ જપ્ત કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા એક માઓવાદી પર 50 હજાર રૂપિયાનું ઈનામ હતું અને તે અનેક જિલ્લાઓમાં ગોળીબારની ઘટનાઓમાં સામેલ હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

# REV. BANGLADESH-POLL

બાંગ્લાદેશમાં આજે કડક સુરક્ષા વચ્ચે ૧૩મી રાષ્ટ્રીય સંસદીય ચૂંટણી તેમજ લોકમત માટે મતદાન ચાલી રહ્યું છે. મતદાન સવારે ૭:30 વાગ્યે શરૂ થયું હતું અને સાંજે ૪:30 વાગ્યા સુધી ચાલુ રહેશે. ૨૯૯ મતવિસ્તારોમાં ૪૨ હજાર ૭૭૯ મતદાન મથકો પર મતદાન થઈ રહ્યું છે. ઉમેદવારના મૃત્યુને કારણે શેરપુર-૩ મતવિસ્તારમાં મતદાન મુલતવી રાખવામાં આવ્યું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર , 12 કરોડ 77 લાખ મતદારો નોંધાયા છે. બાંગ્લાદેશથી અમારા સંવાદદાતા જણાવે છે કે, આ ચૂંટણી બાંગ્લાદેશના લોકશાહી ભવિષ્ય માટે અતિ મહત્વપૂર્ણ બની રેહશે.

(VOICECAST - **Navalsang Parmar/Dhaka)**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY ICC MEN'S T20 WORLD CUP

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-- ICC T20 વિશ્વ કપમાં , ભારત દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે રમશે. આ મેચ આજે સાંજે 7 વાગ્યે શરૂ થશે.

દરમિયાન શ્રીલંકા અને ઓમાન વચ્ચે રમાયેલી મેચમાં શ્રીલંકાએ ઓમાનને 226 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

અન્ય એક મેચમાં મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં નેપાળનો મુકાબલો ઇટાલી સામે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .